RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 74, Dt.06-06-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ અગ્નિકાંડમાં મોટા માથાઓને બચાવવા સામે હાઈકોર્ટ લાલઘૂમ



## નાના અધિકારીઓ સામે સસ્પેન્સન અને ધરપકડના પગલાં લેવાયા છે ત્યારે મ્યુનિસિપલ કમિશનર સામે કેમ કલમ ૩૦૨ હેઠળ કાર્યવાહી ન કરાઈ?: વડી અદાલતે રાજ્ય સરકારને કર્યો તીખો સવાલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટનામાં સીટનો પ્રાથમિક રીપોર્ટ રજૂ થઇ ગયો છે ત્યારે આજે હાઇકોર્ટમાં સુનાવણી શરૂ થતા વડી અદાલતે ફરી આકરૂ વલણ અપનાવ્યું છે. ઘટના બાદ નાના અધિકારીઓ સામે સસ્પેન્શન અને ધરપકડના પગલા લેવાયા છે ત્યારે મ્યુનિ. કમિશ્નર સામે કેમ કલમ ૩૦૨ હેઠળ કાર્યવાહી ન કરાય? જવાબદારો સામે પગલા લેવાના છો કે હજુ આવા અગ્નિકાંડ થાય તેની રાહ જુઓ છો તેવો સરકારને તીખો સવાલ કર્યો છે.

આ અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોની હત્યા થયાનો રોષ પણ ઠાલવવામાં આવ્યો છે. આ કેસમાં કમિશનર સહિતના જવાબદારો સામે શા માટે ૩૦૨ હેઠળ કાર્યવાહી કરી સસ્પેન્ડના પગલા લેવાયા નથી તેવો સવાલ બદલી પામેલા આનંદ પટેલના નામ સાથે કરવામાં આવ્યો છે.

અદાલતે ચાલુ સુનાવણી દરમ્યાન એવું પણ કહ્યું છે કે ગેમ ઝોન શરૂ થયો તે વખતના કમિશ્નરને કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી? તમે રમત રમો છો અને બીજા કર્મચારીઓ પર ઢોળો છો તેવું કહીને સરકારની ટીકા કરી છે. ૨૦૨૩માં પણ આગ લાગી હતી પરંતુ ઓથોરીટીએ કંઇ કર્યુ નથી. કમિશ્નરની બદલી પુરતી નથી અને બધા બધુ જાણતા હતા.સ્ત્રસ્ત્ર

રાજ્ય સરકારે એવો જવાબ આપ્યો છે કે કમિશનરને પોસ્ટીંગ વગરનું ટ્રાન્સફર આપવામાં આવ્યું છે. સીટના ફાઇનલ રીપોર્ટની રાહ જોવાઇ રહી છે. આ બાદ પગલા લેવામાં આવશે. સરકારે આનંદ પટેલનું સોગંદનામુ પણ જોયુ હતું. અદાલતે એવું પણ કહ્યું હતું કે તમામ ઓથોરીટી તમારી હેઠળ આવે છે તો તમે સીનીયર અધિકારીઓને જવાબદાર માનો છો? સમયાંતરે ચેકીંગ કરાયું ન હતું અને હવે ૨૭ લોકોના જીવ ગયા બાદ જુના રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવામાં આવે છે. અધિકારીઓ સામે હત્યાનો ચાર્જ કેમ ન લાગે તેવું અરજદારે પૂછ્યું હતું.કોર્ટે કહ્યું કે આદેશોનું પાલન થયું નથી. કોર્પો.ના એડવોકેટ મંજૂરી અને આગના કારણો રજૂ કરતા હતા. ટીઆરપીએ ગેરકાયદે બાંધકામ રેગ્યુલર કરવા અરજી પણ કરી હતી. ગેમ ઝોનની રચના વખતે જે કમિશનર હતા તેમની એફીડેવીટ પણ ચકાસવામાં આવી છે. તા. ૨૬ મેના રોજ આગ લાગી તે બાદ તા.૨૭ના રોજ હાઇકોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. સરકારે કહ્યું કે ગઇકાલે જ ઉચ્ચ અધિકારીઓની બેઠક મળી હતી. ૨૪ જુન સુધીમાં અંતિમ રીપોર્ટ માંગવામાં આવ્યો છે. તો અદાલતે કહ્યું હતું કે ત્યાં શું ચાલે છે તે બધી જાણ છે.

## ચૂંટણીના પરિણામના દિવસે મંદીના માતમ બાદ શેરબજાર ફરી બાઉન્સબેકઃ સેન્સેક્સ ૭૫૦૦૦ને પાર

### સતત બીજા દિવસે તેજીઃ પીએસયુ અને રોકડાના શેરોમાં ઉછાળો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

લોકસભાના ચૂંટણી પરિણામોનાં તત્કાળ પ્રત્યાઘાત હેઠળ શેરબજારમાં મંદીનો માતમ સર્જાયા બાદ આજે સતત બીજા દિવસે રિકવરીનો ટ્રેન્ડ રહ્યો હતો અને સેન્સેક્સ ફરી વખત ૭૫૦૦૦ની સપાટીને પાર કરી ગયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને જ થઈ હતી. વિશ્વ બજારની તેજી ઉપરાંત એકલા હાથે બહુમતી ન હોવા છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ એનડીએ સરકારની શાસનધુરા સંભાળશે તે સ્પષ્ટ થતાં માનસ પોઝીટીવ રહ્યું હતું. સંસ્થાકીય ખરીદીથી તેજીને ટેકો મળી ગયો હતો.જાણીતા શેરબ્રોકરોનાં કહેવા



પ્રમાણે મંગળવારે મંદીનું વધુ પડતુ રીએકશન આવી ગયા બાદ વેચાણ કાપણી હતી ઉપરાંત સંખ્યાબંધ શેરો ૨૫-૨૫ ટકા જેટલા ઘટી ગયા હોવાના કારણોસર તેમાં નીચા ભાવે રીટેઈલ ઈન્વેસ્ટરોની લેવાલી માલુમ પડી હતી.

શેરબજારમાં આજે બેંક, પીએસયુ શેરોમાં ફરી કરંટ હતો કોલ ઈન્ડીયા, એનટીપીસી, સ્ટેટ બેંક,એનએચપીસી, ઓએનજીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સહીતનાં શેરોમાં ઉછાળો હતો. મીડકેપ-સ્મોલ કેપ શેરો ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ પ્રારંભીક કામકાજમાં ફરી ૭૫૦૦૦ ને પાર કરીને ૭૫૦૭૮ થયો હતો. નીચામાં ૭૪૫૨૬ થયો હતો અને કુલ ૨૭૭ પોઈન્ટના ઉછાળાથી ૭૪૬૫૯ સાંપડયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૭૧ પોઈન્ટના સુધારાથી ૨૨૬૯૨ હતો તે ઉંચામાં ૨૨૭૯૯ તથા નીચામાં ૨૨૬૪૨ હતો,.

## મોદીના શપથ ગ્રહણ સમારંભમાં પાંચ દેશોના નેતાઓ હાજરી આપશે

### સંભવતઃ ૮ જૂને શપથ ગ્રહણ સમારંભ યોજાશેઃ તૈયારીઓ શરૂ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપના નેતૃત્વવાળી એનડીએ લોકસભા ચૂંટણીમાં ૨૯૨ સીટો જીતીને બહુમતીનો આંકડો પાર કર્યો છે ત્યારે સાથી પક્ષોના સહયોગથી વડાપ્રધાન ત્રીજી વાર ભારતના પીએમ પદની કમાન સંભાળશે. એનડીએનો શપથ ગ્રહણ સમારોહ ૮મી જૂને યોજાવવા જઈ રહ્યો છે ત્યારે આ સમારોહમાં ઉપસ્થિત રહેવા પડોશી દેશોના નેતાઓને આમંત્રણ અપાઈ ચૂક્યા છે.

જે મુજબ ૮મીએ યોજાનાર શપથ ગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ



વિક્રમ સિંઘે, નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ', ભૂતાનના વડાપ્રધાન શેરિંગ તોબો અને મોરેશિયસના વડાપ્રધાન જગન્નાથ પ્રવિંદ જગન્નાથને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી બાદ ભારતે મોદીના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા માટે બિમ્સટેક દેશોના નેતાઓને આમંત્રીત કર્યા છે. બિમ્સટેક એક ક્ષેત્રીય સમૂહ છે જેમાં બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ અને થાઈલેન્ડ સામેલ છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૪માં જયારે પોતાના પ્રથમ કાર્યકાળના શપથ લીધા ત્યારે તત્કાલીન પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સહિત બધા સાર્ક (દક્ષિણ એશિયાઈ સહયોગ સંગઠન)ના નેતાઓને સમારોહમાં સામેલ થવા આમંત્રણ આપ્યું હતું.

## ગેમઝોન અગ્નિકાંડમાં ભાજપના નગરસેવક નિતીન રામાણીએ ઈમ્પેકટ ફી ભરી બાંધકામ કાયદેસર કરવા ભલામણ કર્યાનું સ્વીકાર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મુદ્દે હવે સૌથી મોટો ખુલાસો થયો હોવાનું સામે આવ્યું છે. ટીઆરપી ગેમઝોન ખાતે જે ગેરકાયદેસર બાંધકામ હતું તે ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે રાજકોટ વોર્ડ નંબર ૧૩ના ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર નિતીન રામાણી દ્વારા ભલામણ કરવામાં આવી હતી. ત્યારે સમગ્ર મામલે નિતીન રામાણીએ મીડિયા સમક્ષ કબૂલાત પણ કરી છે કે, તેણે ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે પ્રકાશ હિરણ ઉર્ફે પ્રકાશ જૈનનો આર્કિટેક સાથે સંપર્ક કરાવ્યો હતો.

સાથે જ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ગેરકાયદેસર બાંધકામોને પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ. ડી. સાગઠીયા કાયદેસર પણ કરી આપે છે. અધિકારીઓની એક લિંક હોય છે જેના આધારે ખર્ચ (વહીવટ) થાય છે. જે વહીવટના આધારે લોકોના કામ થાય છે.



જોકે કોર્પોરેશનમાં આ વર્ષોથી ચાલી આવી રહ્યું છે. અગાઉ કોર્પોરેશન દ્વારા ડિમોલેશનની નોટિસ પાઠવવામાં આવી હતી. તે બાબતે નીતિન રામાણીએ મીડિયા સમક્ષ કબુલાત કરતા જણાવ્યું છે કે, આર્કિટેક વરૂએ મારું ધ્યાન દોર્યું હતું કે વર્ષ ૨૦૨૩માં કોર્પોરેશન દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે. મેં એક પણ રૂપિયો પ્રકાશ હિરણ ઉર્ફે પ્રકાશ જૈન પાસેથી લીધો નથી. આર્કિટેક દ્વારા વહીવટ કરવામાં આવ્યો હોય તો તે બાબતે મને ખ્યાલ નથી. ટીઆરપી ગેમઝોન ખાતે બનાવ બન્યાના ૧૫-૨૦ દિવસ પૂર્વે હું મારા પરિવારજનોને લઈ ગયો હતો. વેકેશન હોવાના કારણે હું પરિવારજનોને લઈને ગયો હતો.

નોંધનીય છે કે, ટીઆરપી ગેમઝોન ખાતે ડિમોલેશનની નોટિસ મળ્યા બાદ ડિમોલેશન અટકાવવા માટે ૧.૫ લાખ રૂપિયાનો તોડ વોર્ડ નંબર ૧૩ના ભાજપના કોર્પોરેટર નિતીન રામાણીએ કર્યો હોવાની ચર્ચા ઉઠી છે. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપી યુવરાજસિંહ સોલંકીએ નિતીન રામાણીના નામ સહિતની બાબતો અંગે ખુલાસો કર્યો હોવાની ચર્ચા ઉઠી છે.

ઉલ્લેખનીય છે કે, આજરોજ રાજકોટની કોર્ટમાં અશોકસિંહ જાડેજાના આગોતરા જામીન અરજી મામલે સુનવણી હાથ ધરવામાં આવનાર છે. તો સાથે જ અશોકસિંહ જાડેજાના ઝડપાયેલા ભાઈ કિરીટસિંહ જાડેજાના રિમાન્ડ પૂર્ણ થતા સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં કિરીટસિંહ જાડેજાને સાંજના પાંચ વાગ્યે પૂર્વે રજૂ કરવામાં આવશે. સંભવતઃ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા કિરીટસિંહ જાડેજાના વધુ રિમાન્ડની માંગણી કરવામાં નહીં આવે જેના કારણે કોર્ટ દ્વારા તેને જેલ હવાલે કરવાનો હુકમ સંભળાવવામાં આવશે.

રાજકોટ શહેરના પોલીસ સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ ગત અઠવાડિયે જ નીતિન રામાણીનું નામ પોલીસ પૂછપરછ દરમિયાન ખુલી ચૂક્યું હતું. જેના કારણે ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે ગુપ્ત રાહે રાજ્ય સરકારનું સમગ્ર મામલે ધ્યાન દોરવામાં આવ્યું હતું. તો સાથે જ નીતિન રામાણી સહિતના જે પદાધિકારીઓના નામ સામે આવ્યા છે તેમના ગોડફાધર કોણ છે તે સહિતની માહિતી પણ રાજ્ય સરકાર સુધી મોકલવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં ભાજપના પદાધિકારીઓ ઉપર તવાઈ બોલે છે કે કેમ તે જોવું અતિ મહત્વનું બની રહેશે.

## મુંબઈમાં મેઘરાજાનું આગમનઃ આગામી તા.૮ અને ૯ મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઇ ગઇ છે અને અમુક વિસ્તારોમાં વરસાદ પડયો છે. સાયનમાં ૩૦ મીમી (સવા ઇંચ) સુધીનો વરસાદ નોંધાયો છે, પરંતુ મુંબઈના ઘણા ભાગો હજુ પણ પ્રિ-મોન્સૂન વરસાદની રાહ જોઈ રહ્યા છે. તો ગુજરાતમાં ૧૪ જુન સુધીમાં ચોમાસુ બેસવાનું છે.

હવામાન નિષ્ણાતોના અનુસાર પ્રિ-મોન્સુન એક્ટિવિટીઝ ટૂંક સમયમાં વધશે અને અન્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાશે. હાલ મુંબઈમાં લોકોને ગરમીથી રાહત મળી છે. વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાયાના અહેવાલ છે.

મુંબઈમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમી પડી રહી છે. પરંતુ મુંબઈ માટે આજનો દિવસ રાહતનો છે. કારણ કે,



આજે નવી મુંબઈ સહિત અનેક ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે લોકોને છેલ્લા કેટલાક સમયથી આકરી ગરમી અને ભેજમાંથી થોડી રાહત મળી છે. દેશમાં ચોમાસાની એન્ટ્રી થયા બાદ પ્રી-મોન્સુન વરસાદે રવિવારે મુંબઈમાં પ્રવેશ કર્યો હતો. ચોમાસું ગોવા પહોંચી ગયું છે અને ૧૦ જૂન સુધીમાં મુંબઈ પહોંચી જશે.

હવામાન વિભાગે તા.૮ અને ૯ જૂનના રોજ કોંકણ, ગોવામાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

## રાજકારણની ઉથલપાથલ વચ્ચે I.N.D.I.A. ગઠબંધનને છે 'યોગ્ય સમયની રાહ'

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીના પરિણામ બાદ દિલ્હીના રાજકારણમાં ભારે ઉથલપાથલનો માહોલ છે. આ દરમિયાન ઇન્ડી ગઠબંધનની બેઠક મળી હતી. બેઠક બાદ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું INDAI ગઠબંધન યોગ્ય સમયની રાહ જોશે., અમે બધા સાથે મળીને ચૂંટણી લડ્યા. આ મોદીની નૈતિક અને રાજનીતિક છે. અમે ભાજપની વિરુદ્ધ લડત આપતા રહીશું, આ જનમત ભાજપની નીતિઓની વિરુદ્ધનો છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, 'અમારી બેઠકમાં ગઠબંધન અને પાર્ટીના નેતાઓએ વર્તમાન રાજનીતિક પરિસ્થિતિને લઈને સૂચનો



કર્યા હતા. ઇન્ડી ગઠબંધનના સાથી પક્ષોને મળેલા સમર્થન માટે ભારતની જનતાનો આભાર વ્યક્ત કરે છે. જનતાએ જનાદેશ દ્વારા અને તેની નફરત, ભ્રષ્ટાચારની રાજનીતિ પર રોકડું પરખાવ્યું છે.

તેમણે કહ્યું હતું કે આ જનાદેશ ભારતના સંવિધાનની રક્ષા, મોંઘવારી, મૂડીવાદના વિરુદ્ધ લોકતંત્રને બચાવવા માટેનો છે. ઇન્ડિયા ગઠબંધનની સરકાર ફાસીવાદી શાસનના વિરુદ્ધમાં લડત યથાવત રાખશે. આ બેઠકમાં તેજસ્વી યાદવ, રાઘવ ચઢ્ઢા, શરદ પવાર, ડી રાજા, સંજય રાઉત, અખિલેશ યાદવ, ચંપાઈ સુપ્રિયા સુલે, શરદ પવાર સહિત નેતાઓ હાજર હતા.

## કેજરીવાલ ૧૯ જૂન સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાંઃકોર્ટે વચગાળાની જામીન અરજી ફગાવી; દિલ્હીના CMનો મેડિકલ ટેસ્ટ કરાવવાનો નિર્દેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી લિકર પોલિસી સંબંધિત કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે બુધવારે (૫ મે) અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૧૯ જૂન સુધી લંબાવી હતી. કેજરીવાલને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

કોર્ટે તબીબી આધાર પર ૭ દિવસની જામીન માંગતી કેજરીવાલની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી હતી. સાથે જ અધિકારીઓને કેજરીવાલના જરૂરી મેડિકલ ટેસ્ટ કરાવવા સૂચના હતી.

સ્પેશિયલ જજ કાવેરી બાવેજાએ ૧ જૂને થયેલી સુનાવણીમાં કેજરીવાલની જામીન અરજી પરનો નિર્ણય ૫ જૂન માટે અનામત રાખ્યો હતો. કેજરીવાલે ૭ દિવસની જામીન માંગી હતી જેથી કરીને તેઓ તેમના મેડિકલ ટેસ્ટ કરાવી શકે, પરંતુ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ કોર્ટમાં



તેમની અપીલનો વિરોધ કર્યો હતો.

કેજરીવાલની ૨૧ માર્ચે ધરપકડ આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૦ મેના રોજ તેમને વચગાળાના જામીન આપ્યા હતા. ૨૧ દિવસ સુધી જામીન પર બહાર રહ્યા બાદ કેજરીવાલે ૨ જૂને સાંજે ૫ વાગ્યે તિહારમાં આત્મસમર્પણ કર્યું હતું.

શરણાગતિના લગભગ ૩૦ મિનિટ પછી તેમને ૫ જૂન સુધી ED ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. એજન્સીએ કેજરીવાલની કસ્ટડી માટે કરી હતી, પરંતુ દિલ્હીના મુખ્યમંત્રી વચગાળાના જામીન પર હોવાથી અરજી પેન્ડિંગ હતી.

EDએ કોર્ટમાં દાવો કર્યો હતો કે કેજરીવાલે તથ્યોને દબાવી દીધા છે અને તેમના સ્વાસ્થ્યને લઈને ખોટા નિવેદનો આપ્યા છે. તેમના વજનમાં ૧ કિલોનો વધારો થયો છે, તે ખોટો દાવો કરી રહ્યા છે કે તેમનું વજન ૭ કિલો ઘટ્યું છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને કહ્યું હતું કે કેજરીવાલે ૩૧ મેના રોજ પ્રેસ કોન્ફરન્સમાં પણ ભ્રામક દાવો કર્યો હતો કે તેઓ ૨ જૂને આત્મસમર્પણ કરવાના છે. જો કે કેજરીવાલના વકીલે કોર્ટમાં કહ્યું કે તેઓ બીમાર છે તેમની સારવારની જરૂર છે.

કેજરીવાલે ૨ જૂને આત્મસમર્પણ પહેલા AAP કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે હું દેશને બચાવવા જેલમાં જઈ રહ્યો છું. મને ખબર નથી કે હું ક્યારે પાછો આવીશ. મને ખબર નથી કે ત્યાં મારી સાથે થશે.

સુપ્રીમ કોર્ટે મને ચૂંટણી પ્રચાર માટે ૨૧ દિવસ માટે જામીન આપ્યા હતા. હું આ માટે સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું. આજે હું ફરીથી તિહાર જેલમાં જઈ રહ્યો છું. આ ૨૧ દિવસમાં મેં એક મિનિટ પણ બગાડી નથી.

તેમણે વધુમાં કહ્યું કે AAP મારા માટે મહત્વપૂર્ણ નથી, મારા માટે મહત્વપૂર્ણ છે. હું દિલ્હીની જનતાને કહેવા માંગુ છું કે મેં એક કૌભાંડ કર્યું છે. હું ફરીથી જેલમાં જઈ રહ્યો છું કારણ કે મેં તાનાશાહી સામે અવાજ ઉઠાવ્યો છે.

# જામનગર જિલ્લાના છુટક અને જથ્થાબંધ માછલીના વેપારીઓ માટે જાહેરનામું બહાર પડાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો- ૨૦૦૩ અને ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ- ૨૦૦૩ ની કલમ- ૬ (૮) (ઘ) મુજબ જામનગર જિલ્લાના તમામ છુટક, જથ્થાબંધ માછલીના વેપારીઓ, મત્સ્યબીજના જથ્થાબંધ કે છુટક વેપારીઓ જિલ્લા મત્સ્યોદ્યોગ અધિકારીશ્રી પાસેથી લાયસન્સ મેળવ્યા સિવાય માછલીની ખરીદી કે વેચાણ કરી શકશે નહીં.તેથી અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં માછલી વેચાણ કરતા તમામ છુટક કે જથ્થાબંધ વેપારીઓને માછલી વેચાણ માટેના લાયસન્સ મેળવી લેવા માટે જણાવવામાં આવે છે. તેમજ કલમ- ૭ (૨૬), (૨૭) અને (૨૮) મુજબ કોઈપણ પ્રોસેસિંગ પ્લાન્ટનો કોઈપણ માલિક કે કોઈ વેપારી ઓછા કદની માછલી ખરીદી શકશે નહીં. તેમજ કોઈપણ વ્યક્તિ માલ ઉતારવાના સ્થળથી, બજાર અથવા પ્રોસેસિંગ પ્લાન્ટ સુધી ઓછા કદની માછલીની હેરફેર કરી શકશે નહીં.

આ ઉપરાંત, મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ગાંધીનગરના પરિપત્ર અનુસાર જામનગર જિલ્લામાં દરિયાઈ કાંઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં આગામી તારીખ ૩૧ જૂલાઈ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય અને પ્રાદેશિક જળક્ષેત્રમાં થતી માછીમારી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેથી મંજૂરી ધરાવતા કે મંજૂરી ના ધરાવતા કોઈપણ વેપારી આ સમયગાળા દરમિયાન માછલીનું વેચાણ કરી શકશે નહીં. તેમજ કોઈપણ બોટ દ્વારા ગેરકાયદેસર રીતે પકડેલી માછલી ખરીદી શકશે નહીં.

ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો- ૨૦૦૩ અને ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ- ૨૦૦૩ ના અમલીકરણ માટે નિયુક્ત કરવામાં આવેલા કોઈપણ અધિકારીશ્રી માર્ગ, રેલવે દ્વારા અથવા બીજી કોઈપણ રીતે હેરફેર કરવામાં આવતા મત્સ્યબીજ, માછલી કે રવાના કરાયેલ માછલીના માલની વિશ્વાસપાત્રતા ચકાસવા માટે ચેકીંગ હાથ ધરી શકશે. અત્રે જણાવેલ તમામ મુદ્દાઓનું જામનગર જિલ્લાના તમામ છુટક અને જથ્થાબંધ માછલીના વેપારીઓએ પાલન કરવાનું રહેશે. તેમજ આ સંદેશાનો બહોળી રીતે પ્રચાર- પ્રસાર કરવાનો રહેશે. તેમ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર મહાનગરપાલિકા દ્વારા વધુ છ શાળા, પાંચ ટ્યુશન કલાસ તથા બે હોટલ રેસ્ટોરન્ટ સિલ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા વધુ છ શાળા , પાંચ ટ્યુશન કલાસ તથા બે હોટલ રેસ્ટોરન્ટ સિલ.જામનગર મહાનગરપાલિકા દ્વારા ફાયર એનઓસી સહિતના મુદ્દાઓને લઇ ચાલી રહેલાં ચેકિંગ દરમ્યાન વધુ છ શાળાઓ , પાંચ ટ્યુશન કલાસ તથા બે હોટલ રેસ્ટોરન્ટ સિલ કરવામાં આવ્યા હતા . અત્યાર સુધીમાં કુલ ૧૮ ૨ મિલ્કતો સિલ કરવામાં આવી છે . રાજકોટ અગ્નિકાંડ બાદ રાજયભરમાં ફાયર એનઓસી સહિતના મુદ્દાઓને લઇ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે . જામનગર મહાનગરપાલિકા દવારા પણ ફાયર વિભાગ એસ્ટેટ શાખા , ટાઉન પ્લાનિંગ શાખા સહિતની શાખાઓની ટીમ બનાવી શહેરમાં ચેકિંગ કામગીરી ચાલી રહી છે . જેમાં વધુ ૧૩ મિલ્કતો સિલ કરવામાં આવી છે . શહેરના ખોડિયાર કોલોનીમાં શૌર્ય સૈનિક એકેડમી , બાલનાથ સોસાયટીમાં સંસ્કાર પ્રાઇમરી સ્કુલ , મહારાજા સોસાયટીમાં લોટસ પ્રાઇમરી સ્કુલ , સનમ સોસાયટીમાં રોઝી સ્કુલ , આદિત્ય પ્રાઇમરી સ્કુલ , આદર્શ પ્રાઇમરી સ્કુલ , મેહુલ નગરમાં અક્ષર પ્રિ - સ્કુલ , માસુમ પ્લે હાઉસ , પંચવટી પાર્ક સામે તપોવન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ , રણજીતનગરમાં વિઠલાણી કલાસીસ , નિલકંઠ પાર્કમાં વિધવાતા ટ્યુશન કલાસીસ , વિક્ટોરીયા પુલ પાસે રાજુભાઇ ઢોસાવાળા , ફૌજી પંજાબી ધાબા સહિતની મિલ્કતો સિલ કરવામાં આવી છે . અત્યાર સુધીમાં ૭૧ શાળાઓ , ૫૫ કલાસીસ , ૩૪ હોટલ રેસ્ટોરન્ટ તથા ૨૨ હોસ્પિટલ ( પાર્ટલી ) સહિત કુલ ૧૮૨ મિલકતો સીલ કરવામાં આવી છે .

# મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડે લૂંટના ગુનામાં ફરાર ઈનામી આરોપીને જામનગરથી દબોચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના લુંટના ગુન્હામાં તથા દેવભૂમિ દ્વારકા જીલ્લાના ભાણવડ પોલીસ સ્ટેશનના લુંટ / ધાડના ગુન્હામાં એમ કુલ બે ગુનામાં છેલ્લા ૨૬ વર્ષથી નાસતા ફરતા ઇનામી જાહેર થયેલ આરોપીને પૂર્વ બાતમીને આધારે મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા જામનગર ખાતેથી ઝડપી લઇ હસ્તગત કરી વાંકાનેર તેમજ દેવભૂમિ દ્વારકા પોલીસને જાણ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર મોરબી પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઇ ચંદ્રકાંતભાઇ વામજા, હેડ કોન્સ.જયેશભાઇ વાઘેલા તથા કોન્સ. બ્રિજેશભાઇ કાસુન્દ્રાને ખાનગીરાહે હકિકત મળેલ કે, વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૧૯૯૯માં તથા દેવભુમિ દ્વારકા જીલ્લાના ભાણવડ પોલીસ મથકમાં વર્ષ ૧૯૯૮માં નોંધાયેલ લૂંટ/ધાડના ગુનાનો નાસતો ફરતો ઈનામી આરોપી કલસીંગ ઉર્ફે કાળુ ફકરૂ (એમ.પી)વાળો હાલે જામનગર જીલ્લાના કનસુમરા ગામની સીમ રેલ્વે ફાટક પાસે આવેલ ગોકુલધામ સોસાયટી સામે ઝુંપડામાં રહેતો હોવાની ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળતા જે હકીકત આધારે મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ દ્વારા તપાસ કરતા આરોપી કલસીંગ ઉર્ફે કાળુ ઉર્ફે કાળીયા ફકરૂભાઇ વાખલા ઉવ. ૬૫ રહે.માલ ફળીયા માંડલી બડી તા.જી.જાંબુઆ (એમ.પી)વાળો મળી આવતા તેને હસ્તગત કરી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે તથા દેવભૂમિ દ્વારકાના ભાણવડ પોલીસ મથકમાં આ બાબતે જાણ કરવામાં આવી છે.

# હળવદમાં બોલેરોમાં ૪૦૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે એકને દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે માણેકવાડા ચોકડી પાસેથી બોલેરો ગાડીમાં ૪૦૦ લીટર દેશી દારૂની હેરાફેરી કરતા સુરેન્દ્રનગર જીલ્લાના નળખંભા ગામના ઈસમને દબોચી લેવામાં આવ્યો છે. આ સાથે બોલેરો ગાડી તથા દેશીદારૂનો જથ્થો રમ કુલ ૨.૦૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઇ આરોપી વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.



મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી જીલ્લામાં પ્રોહીબીશનની ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું જે અનુસંધાને હળવદ પોલીસ મથક ટીમ પ્રોહી.ના કેસ શોધવા પ્રયત્નશીલ હોય તે દરમિયાન પો.હેડ.કોન્સ. એસ.બી.પરમારને મળેલ બાતમી હકીકત આધારે હળવદ તાલુકાના માણેકવાડા ચોકડી ખાતેથી બોલેરો ગાડી રજી નં. જીજે-૧૩-એઆર-૫૬૮૩ વાળીમાં દેશીદારૂ કુલ લીટર- ૪૦૦ કિં.રૂ.૮૦૦૦/- ના જથ્થાની હેરાફેરી કરતા આરોપી મહેશભાઇ બેચરભાઇ સારલા ઉવ. ૨૪ રહે.નળખંભા ગામ જીલ્લો સુરેન્દ્રનગરવાળો મળી આવતા પકડાયેલ આરોપીની સ્થળ ઉપરથી અટકાયત કરી કુલ કિ.રૂ.૨,૦૮,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી હળવદ પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ પ્રોહી.સહિતનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાત તો એક જ છેને...

હું રાત કહું કે,
પોતાની જાત સાથે નો સંવાદ...
વાત તો એક જ છેને..
હું આંખ મિંચું કે,
સ્વપનાઓ ને કરું સાદ...
વાત તો એક જ છેને..
હું ઓસ કહું કે,
મારી આંખો ની એ ભીનાશ...
વાત તો એક જ છેને..
હું શ્વાસ કહું કે,
જીવંત હોવાનો અહેસાસ...
વાત તો એક જ છેને..
અંતે.. હું યાદ કહું કે,
વણકહેલો એક વિષાદ...
વાત તો એક જ છેને.

**- પાયલ મહેતા**

# મોરબીમાં ગુજરાત ગેસ દ્વારા સેગમ સીરામીકમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૫૧ માં પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે સેગમ સીરામીક તેમજ એલ.ઈ.કોલેજમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



મોરબી:દર વર્ષે, ૫ જૂનના દિવસને વિશ્વભરમાં વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસ ૧૯૭૪ માં ઉજવવામાં આવ્યો હતો. પર્યાવરણીય જોખમો અને તેનાથી થતા નુકસાનને કેવી રીતે અટકાવી શકાય તે અંગે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે એક અભિયાનના ભાગરૂપે આ દિવસે પર્યાવરણ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે મોરબીમાં પણ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વૃક્ષારોપણ કરી ૫૧માં પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ હતી.

આ તકે ગુજરાત ગેસના જી.એ.હેડ ડૉ.કમલેશ કંટારીયા તેમજ સેગામ સીરામીકના માલિક અને સીરામીક એસોસિએશનના પ્રમુખ એવા મુકેશભાઈ કુંડારીયા દ્વારા સમગ્ર અભિયાનમાં વૃક્ષારોપણ કરી ભારે જહેમત ઉઠાવી હતી. ત્યારે આ ઝુંબેશ હાથ ધરી પર્યાવરણ પ્રત્યે પોતાનું યોગદાન આપ્યું હતું. જયારે આ ઉપરાંત સીરામીક એસોસિએશન અને ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ એલ.ઈ.કોલેજ ખાતે પણ વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરી પર્યાવરણ દિવસને સાર્થક બનાવ્યો હતો.

# વિક્ટર GH ઈક્વોકેશનલ સ્કીલ તાલીમ સંસ્થા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી




**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલા તાલુકાના વિક્ટર જી એસ સી એલ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે GHCL SMCD ડીવીજન જનરલ મેનેજર જોશી,અજીત કોટેચા અને સિનિયર મેનેજર આરીફભાઈના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે તાલીમાર્થી દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે સ્પીચ પણ આપવામાં આવી હતી અને લોકો પર્યાવરણ માટે જાગૃત થાય તે માટે તાલીમાર્થી દ્વારા પર્યાવરણને લગતા પોસ્ટર બનાવ્યા હતા અને ક્વિઝ કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ જેથી લોકો પર્યાવરણ વિશે જાગૃત થાય અને પર્યાવરણની રક્ષા કરે અને ઘરે ઘરે એક વૃક્ષ વાવી તેનો ઉછેર કરે અને પૃથ્વીની રક્ષા કરે તેમજ રોપાનું વિતરણ તેમજ વૃક્ષો રોપવામાં આવ્યા હતા સાથે પર્યાવરણ જતનના શપથ લેવડાવવામાં આવ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર ટ્ઝઈ ટીમે જહેમત ઉઠાવી હતી તેમ સંસ્થાના હેડ મહેન્દ્રભાઈએ જણાવેલ.

# નવાનગર નેચર કલબ દ્વારા ૧૦૦ વૃક્ષોનું વાવેતર




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી વિશ્વ પર્યાવરણ દિવસ.એક સ્વચ્છ પર્યાવરમમાં એક સ્વસ્થ મનુષ્યનો વિકાસ થાય છે. પર્યાવરણને સ્વચ્છ રાખવું આપણી પ્રાથમિક જવાબદારી છે.પર્યાવરણની સીધી અસર આપણા જીવન પર પડે છે,પરંતુ આજના સમયમાં ઝડપથી ભાગતા મનુષ્યએ પર્યાવરણને ખતરામાં મુકી દીધુ છે. દુનિયાને આ ખતરાથી માહિતગાર કરાવવા માટે તથા લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.જામનગરની નવાનગર નેચર કલબ છેલ્લા સત્તર વર્ષથી પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવે છે.સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન ની અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેથી ૫,જૂન ૨૦૨૪ના દિવસે પર્યાવરણ જાગૃતિ અંતર્ગત દર વર્ષે શહેરના વિવિધ સ્થળો પર વૃક્ષા રોપણ કરવામાં આવે છે અને આ વૃક્ષોની બે વર્ષ સુધી કાળજી લેવામાં આવે છે.તો આ વર્ષે જામનગર શહેરના વોર્ડ નં.૧૧ માં આવેલ કામધેનુ રેસીડેન્સીના કોમન પ્લોટમાં તથા દરેડ ખાતે આવેલ સિદ્ધેશ્વર મહાદેવ મંદિરમાં વૃક્ષા રોપણ રાખવામાં આવ્યું હતું.જેમાં દેશી કુળના ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ.

# મોરબીના ઘુંટુ ગામે ૨૩ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ જીવતર ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઘુંટુ ગામની સીમમાં આવેલ ધર્મસુષ્ટી સોસાયટીમાં યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કર લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

મોરબીના ઘુંટુ ગામે આઈટીઆઈ પાછળ આવેલ ધર્મસુષ્ટી સોસાયટીમાં રહેતા રોહિતભાઈ દયાળજીભાઈ પરમાર ઉવ.૨૩ એ રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ત્યારે મૃતકની ડેડબોડી તેમના ભાઈ પ્રકાશભાઈ દ્વારા મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસને જાણ કરતા મૃતદેહનું ઇન્કવેસ્ટ પંચનામું કરી પીએમ સહિતની કામગીરી માટે સોંપી આપવામાં આવી હતી. ત્યારે હાલ પોલીસે યુવકના અકાળે મોત અંગે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના કુલીનગર-૧ના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૬ બોટલ સાથે એકની અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ કુલીનગર-૧ ના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૬ બોટલ મળી આવતા સ્થળ ઉપરથી મકાન માલિક શખ્સની અટકાયત કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટાફ વીસીપરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે ખાનગીરાહે બાતમી મળેલ કે કુલીનગર-૧માં સુનિલભાઈ ભરતભાઈ અગેચાણીયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોય જે મુજબની બાતમી મળતા તુરંત રહેણાંક મકાનમાં રેઇડ કરી હતી. ત્યારે રેઇડ દરમિયાન મકાનમાં તપાસ હાથ ધરતા વિદેશી દારૂ વ્હાઇટ લેસ વોડકાની ૬ નંગ બોટલ કિ.રૂ.૧,૮૦૦/-મળી આવી હતી. આ સાથે આરોપી સુનિલભાઈ ભરતભાઈ અગેચાણીયા ઉવ.૨૬ હાલ રહે.મોરબી વીસીપરા કુલીનગર-૧ રમેશ કોટન મીલ મૂળરહે. મોરબી વીસીપરા કુલીનગર-૨ ની સ્થળ ઉપરથી અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે અમરેલી એસઓજી પોલીસ સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

## પર્યાવરણની જાળવણી માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા. ૫મી જૂનના દિવસને ''વિશ્વ પર્યાવરણ દિન'' તરીકે ઉજવવાનું નક્કી કરાયું હતુ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** વૃક્ષો વિના આપણા બધાનું જીવન શક્ય નથી નાનીથી મોટી વસ્તુની વાત કરીએ તો એ પણ વૃક્ષોને આધારે છે આપનુ સૌનું જીવન વૃક્ષો સાથે જોડાયેલું છે અને બીજી પ્રજાતિ માટે પણ વૃક્ષો એટલા જ જરૂરી છે વીશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત જે અન્વયે પોલીસ અધિક્ષક હિમકર સિંહ અમરેલી નાઓનાં માર્ગદર્શન હેઠળ ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમરેલી એસઓજી ટીમના પોલીસ ઇન્સ્પેકટર આર.ડી.ચૌધરી,પોલીસ સબ ઇન્સ્પેક્ટર એન બી ભટ્ટ,એએસઆઇ નાજભાઈ આહીર,એ.એસ.આઇ રફિકભાઈ રાઠોડ,એસઆઈ યુવરાજ સિંહ સરવૈયા,એચસી રાઘવેન્દ્રભાઈ ધાધલ,એચસી મનીષદાન ગઢવી એસઓજી સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.




૧૯૭૨માં ૫મી જૂને સ્ટોકહોમ ખાતે સમગ્ર વિશ્વના પ્રતિનિધિઓ પર્યાવરણની જાળવણી માટે કટિબદ્ધ થવા એકઠા થયા. પર્યાવરણની જાળવણી માટે જાહેરનામુ બહાર પાડયું.આના ભાગરૂપે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા. ૫મી જૂનના દિવસને ''વિશ્વ પર્યાવરણ દિન'' તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું.

ગ્લોબલ વોર્મિંગ અને વાતાવરણમાં બદલાવ જેવી પ્રવર્તમાન પર્યાવરણીય સમસ્યાઓથી બચવા માટે કુદરતી સ્ત્રોતોનો મર્યાદિત ઉપયોગ કરી બિનપરંપરાગત ઊર્જાના સાધનોનો ઉપયોગ કરવો જરૂરી બનશે. કુદરતી રીતે આટલો મોટો વિશાળ દરિયાકાંઠો ધરાવતું રાજ્ય હોઇ આપણે પવન ઊર્જાનો ઉપયોગ કરી, પવનચક્કી દ્વારા વીજ ઉત્પાદન કરી વાતાવરણમાં કોલસા કે અણુથી ઉત્પાદન થતી ઊર્જા દ્વારા ફેલાતું પ્રદૂષણ રોકીને વિશ્વને પર્યાવરણીય સમસ્યાઓથી બચાવી શકીશું. તદ્ઉપરાંત કર્કવૃત્ત આપણા રાજ્યમાંથી પસાર થતું હોઇ સૌર ઊર્જા વિપુલ માત્રામાં પ્રાપ્ત થઇ શકે તેમ છે. આ સૌર ઊર્જાના મોટામાં મોટા સ્ત્રોતનો ઉપયોગ કરી સૂર્યપ્રકાશ દ્વારા વિજળી પ્રાપ્ત કરવાના લક્ષને આપણે પ્રાથમિકતા આપી છે ચાલુ વર્ષે વિશ્વની સૌથી પ્રથમ સોલર સીટી પાટણ જિલ્લાના ચારણકા ખાતે પ્રસ્થાપિત કરવાની શરૂઆત કરી ગુજરાત સોલર એનર્જી હબ બનવાની દિશામાં અગ્રેસર રહેલ છે. પ્રદૂષણ મુક્ત ઊર્જા મેળવવા માટે સંકલ્પબદ્ધ થયા છીએ પરંતુ વધારેમાં વધારે પ્રયત્નો કરી વિશ્વમાં ગુજરાત નંબર-૧ બને તે દિશામાં આ એક મહત્વનું પગલું ગણી શકાય લાકડાનો બાંધકામ અને ફર્નીચર વગેરે કામોમાં વધારેમાં વધારે ઉપયોગ કરી વાતાવરણમાંના કાર્બનને સીલ કરવામાં આવશે તો હવામાનમાં કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ નિયંત્રિત કરવામાં ઉપયોગી થશે આ માટે ''વધુ વૃક્ષો વાવો''ની ઝૂંબેશ અતિ અનિવાર્ય છે

# જામનગરના જોગવડ પાસે કામધંધો ન કરતા પુત્રને માતાએ આ અંગે ઠપકો આપતા તેનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જોગવડ પાસે કામધંધો ન કરતા પુત્રને માતાએ આ અંગે ઠપકો આપતા લાગી આવતા તેણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પોલીસે અકસ્માતે મૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી મરનારના માતા તેમજ અન્ય લોકોના નિવેદનો લઇ તપાસ શરૂ કરી છે. જામનગર નજીકના જોગવડ પાસે હરેશભાઇ ઉર્ફે ઘેલીયો જીવાભાઇ નકુમ (ઉ.વ.૨૩ ધંધો મજુરી રે જોગવડ પાટીયા રાણીશીપના ઠાળીયા પાસે તા લાલપુર જી જામનગર) જે કાઇ કામ ધંધો કરતો ન હતો.આથી તેમના માતાએ કામ ધંધો કરવા માટે ઠપકો આપ્યો હતો. ત્યારબાદ આ વાતનુ હરેશભાઇને મનમાં લાગી આવ્યું હતું. બાદમાં તેણે ઘર નજીકના લીમડાના ઝાડમા દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આપઘાતનો પ્રયાસ કરી લીધો હતો. આ અંગે પરિવારજનોને જાણ થતા તાત્કાલિક ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડ્યો હતો જો કે આ અગાઉ તેનું મોત નીપજયું હોવાનુંસામે આવ્યુંહતુ. બનાવ બાદ પોલીસ દ્વારા મરનાર હરેશભાઇના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે. જે બાદ પોલીસ દ્વારા મરનારની માતા તેમજ તેના નજીકના નિવેદનો લેવાના શરૂ કરાયા છે.

# જામનગર વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા વૃક્ષરોપણ


**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા વૃક્ષરોપણ.જામનગર વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મહાનગરપાલિકા સોનલનગરમાં ૮ એકર જમીનમાં ૩૨૮૦૦ વૃક્ષરોપણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે મનપા તથા ડીસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફીસર (વિસ્તરણ)ની કચેરીના સંયુકત ઉપક્રમે સીવીલ વેસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં. ૧, ફાઈનલ પ્લોટ નં. ૧૦૨, સોનલનગરમાં વૃક્ષારોપણ તથા વિતરણનો કાર્યક્રમ તથા પર્યાવરણ પ્રેમીઓને પ્રતિ વ્યક્તિ એક વૃક્ષોના રોપાનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવેલ હતું.આ કાર્યમાં ફાઈનલ પ્લોટ નં. ૧૦૨ માં વાવેતર થનાર વૃક્ષોની જાળવણી રામચંદ્ર મિશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ. મનપા દ્વારા ધનિષ્ઠ વનીકરણની ઝુંબેશ હેઠળ તા. ૩૧-૭-૨૦૨૪ સુધીમાં અંદાજીત ૩૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે શહેરના ગુર્જર સુથારની વાડી (ગાંધીનગર મેઈન રોડ), મહાકાળી સર્કલ (એરોડ્રામ રોડ), પ્રદર્શન ગ્રાઉન્ડ (સાત રસ્તા સર્કલ પાસે), સંગમ બાગ, ગુલાબનગર, ખંભાળીયાનાકા પાસે તથા ટી.પી. સ્કીમ નં. ૧, ફાઈનલ પ્લોટ નં. ૧૦૨ ખાતે, તળાવની પાળ ગેઈટ નં.૧, વિરલબાગ, અન્નપુર્ણા મંદિર ગેઈટ લાલવાડી પાસે સવારે ૧૦ થી ૧ સુધી તથા બપોરે ૪ કલાકથી સાંજના ૬ કલાક સુધી વૃક્ષો ના રોપાનું નિ:શુલ્ક વિતરણ કરવામા આવશે.






# અગ્નિકાંડના પગલે શહેરમાં ફાયર સુરક્ષાના સાધનોમાં લાવ લાવ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

તાજેતરમાં ટીઆરપી ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડના પગલે મનપા તંત્ર એક્શનમાં આવ્યું છે. શહેરમાં અનેક જાહેર સ્થળોએ ફાયર એનઓસી ન ધરાવતા એકમોને સીલ કરવામાં આવી રહ્યા છે. જેના પગલે છેલ્લા કેટલાક દિવસથી રાજકોટમાં ફાયર સુરક્ષાના સાધનોનું વેંચાણ કરતા ધંધાર્થીઓના ત્યાં તડાકો બોલ્યો છે. રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ફાયર સુરક્ષાના સાધનોની અછત ઉભી થઈ છે. ધંધાર્થીઓ કોઈ પણ કિંમતે ફાયર સેફટીના સાધનો ખરીદવા બેબાકળા બન્યા છે.

# આજે શનિદેવ જયંતિઃ હવન-પૂજન અર્ચન સહિતના કાર્યક્રમો યોજાયા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

શનિદેવ જયંતિ નિમિતે આજે એ.જી.ચોકમાં આવેલ ચમત્કારી હનુમાનજીના મંદિરે પૂજન અર્ચન સાથે હવનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. શનિદેવના દર્શન કરવા ભાવિકોના ઘોડાપુર ઉમટયા હતા. આજે શનિદેવ મહારાજની જન્મ જયંતિ હોય ભાવિક ભકતો દ્વારા ભાવથી પૂજા અર્ચન કરાયા હતા. કાળા અળદ, કાળો ધાબળો, કાળુ વસ્ત્ર, કાળી છત્રી, કાળા તલ વગેરે વસ્તુઓ અર્પણ કરી મંત્ર જાપ કરાયા હતા. શહેરના જયુબેલી બાગ ખાતેના નવગ્રહ મંદિરે તેમજ કાલાવડ રોડ, એ.જી.ચોકમાં આવેલ શનિદેવના મંદિરે તેમજ અન્ય શનિદેવના મંદિરોમાં આજે સવારથી જ ભાવિકોએ દર્શન પૂજા માટે ભીડ જમાવી હતી.''

# ગોંડલ રોડ પર યુવતીની છેડતી બાબતે ૧૮૧ની ટીમ પહોંચતા મામલો અલગ નીકળ્યો

## પરિવારને રાજકોટમાં નોકરીનું કહી આવેલી ત્રણ બહેનો મોજમજા કરતી હોવાનું બહાર આવ્યુંઃ સખી વન સ્ટોપ સેન્ટરમાં મોકલાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ ચોકડી પાસે યુવતીએ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કરી તેને કોઈ અજાણ્યા શખ્સો છેડતી કરતો હોવાનુ જણાવી મદદ માંગી હતી કોલ આવતા જ આજીડેમ પોલીસ સ્ટેશનથી ૧૮૧ના કાઉન્સેલર રૂચિતા મકવાણા સહિતની ટીમ દોડી ગઈ હતી પરંતુ છેડતી કરતા શખ્સો ભાગી ગયા હોવાનું યુવતીએ જણાવેલ હતુ.

બાદમાં યુવતીનુ કાઉન્સેલિંગ કરતા તેણી કોઈ યુવક સાથે દીવ ફરવા જતી હોવાનું જણાવતા શંકાસ્પદ લાગતા યુવતીની વધુ પૂછપરછ કરતા તેણી જામનગરના પંથકની હોવાનુ અને અહીં નોકરી કરતી હોવાનુ જણાવ્યુ હતુ તેની માતા સાથે વાત કરતા યુવતી બે બહેનો સાથે રહેતી હોય બહેનના ઘરે મુકવાનું કહેતા ૧૮૧ની ટીમ યુવતીએ આપેલા એડ્રેસ પ્રમાણે પહોંચી પુછતાછ કરતાં તે ત્રણેય રાજકોટમાં છ મહિનાથી નોકરી કરવા આવી છે તે હોટલમાં રહે છે યુવતીની વાત ગળે નહિ ઉતરતા તેની બંને નાની બહેનોને ફોન કરી બોલાવતા ત્રણેયની પૂછપરછમાં અલગ અલગ જવાબ મળતો હોય ત્રણેય સાથે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે તેની માતાને જાણ કરી ત્રણેય બહેનો નોકરીના બહાને રાજકોટમાં મોજશોખ માણતી હોવાની જાણ કરી ત્રણેયને સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો હતો નોકરીના બહાને ગામડેથી રાજકોટ આવી મોજ મજા માણતી ત્રણેયના કારસ્તાનની જાણ પરિવારને કરી આશ્રય અપાવનાર ટીમ અભયમનો પરિવારે આભાર માન્યો હતો.

# જ્વેલર્સના શો રૂમમાં લૂંટ કરવાનો પ્રયાસ કરનાર શખ્સ ગણતરીની કલાકોમાં ઝડપાયો

## દેણુ વધી જતાં શખ્સે પ્લાન બનાવી દાગીના ખરીદવાના બહાને શો રૂમમાં ગયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના બપોરે પહલાદ પ્લોટમાં દાગીના ખરીદવાના બહાને આવેલ શખ્સે વેપારી ઉપર સ્પ્રે છાંટી લૂંટનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે જો કે પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં જ આરોપીને દબોચી લઈ પૂછતાછ કરતાં દેણુ થઈ જતા લૂંટનો પ્લાન ઘડયો હોવાની કબુલાત આપી હતી.



આ અંગેની માહિતી મુજબ પૂજારા પ્લોટમાં રહેતા અને પ્રહલાદ પ્લોટમાં ચારેક વર્ષથી મોનીશ જવેલર્સ નામે સોનાના દાગીના વેચવાનો શોરૂમ ધરાવતા આકાશભાઈ અનિલભાઈ લાઠીગાએ લૂંટના પ્રયાસ અંગે એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે બપોરે દુકાને એકલો હતો ત્યારે શખ્સ ટોપી પહેરી અઢી વાગ્યે દુકાનમાં આવ્યો હતો સોનાનો ચેઈન, વીટી સહિતના દાગીના ખરીદવા જોયા હતા અને ભાવતાલ કઢાવ્યા હતા પોણા ત્રણ વાગ્યે અચાનક તેણે કોઈ સ્પ્રે કાઢી મોઢા ઉપર છાંટી દીધો હતો પરંતુ પોતે થોડા દુર ખસી જતા સ્પ્રેની કોઈ ખાસ અસર થઈ ન હતી જેથી પોતે સ્વબચાવ માટે દુકાનમાં રહેલું

સુરક્ષા ડીવાઈઝ કાઢ્યું હતું જે ચાલુ કરતા તેમાંથી અવાજ થતા પોતે મોઢું ઢાંકી ઉધી પૂછડીએ દુકાનમાંથી ભાગ્યો હતો પોતે કાઉન્ટર બહાર નીકળે તે પૂર્વે દુકાનમાં ફરી આવી સ્પ્રે છાંટવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોતે પ્રતિકાર કરતા નંબર બ્લર કરેલું બાઈક લઇ ભાગી ગયો હતો બનાવ અંગે કંટ્રોલમાં જાણ કરતા એ ડીવીઝન પીઆઈ આર જી બારોટ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને સીસીટીવી તથા મોબાઈલ નંબર આધારે લૂંટનો પ્રયાસ કરનાર દેવેન નકુમ નામના શખ્સને દબોચી લઈ ગણતરીની કલાકોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે.

# બ્રેઈન ડેડ દર્દીના ફેફસા, લીવર, કિડની, હૃદય અને આંખનું દાન કરાયું

## અકસ્માતમાં ઘવાયેલા યુવાનને તબિબોએ બ્રેઈન ડેડ જાહેર કર્યા બાદ પરિવારે અંગોનું દાન કરી અન્ય દર્દીઓને નવજીવન આપ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં અકસ્માત બાદ ઘાયલ થયેલ જયેશભાઈ રામાણીને ગોકુલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. સારવાર દરમ્યાન બ્રેઈન ડેડ જાહેર થતાં જ પરિવાર દ્વારા દર્દીના હૃદય, લિવર, ફેફસા, કિડની અને આંખનું દાન કરી અન્ય દર્દીઓને નવજીવન આપ્યું હતું. રાજકોટના જયેશભાઈ રામાણી (ઉ.વ.૪૩) તેઓ તા.૨ના રોજ રાત્રિના ૧૧૩૦ વાગે ગોકુલ હોસ્પિટલ વિદ્યાનગર મેઈન રોડ રાજકોટ ખાતે અકસ્માતમાં ઈજા થવા થી દાખલ થયા હતા. તેઓ ને તાત્કાલિક સારવાર આપી અને આઈ સી યુ માં દાખલ કરવામાં આવ્યા હતા. ગોકુલ હોસ્પિટલમાં તેઓ આવેલ ત્યારે બેભાન અવસ્થામાં હતા અને એમને ઘણી બધી ઈજાઓ થઈ હતી ત્યારબાદ તેમનું સીટી સ્કેન કરવામાં આવ્યું હતું અને તેમાં મગજમાં જીવલેણ હેમરેજ ની ઈજાઓ જોવા મળી હતી. આ સંજોગોમાં તેમને ઓપરેશન કરી તાત્કાલિક આઈસીયુ માં ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં એમને વેન્ટિલેટર સપોર્ટ ઉપર મૂકવામાં આવ્યા હતા. તા.૪ના રોજ તેમને ડોક્ટરોની ટીમ દ્વારા બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં ડોકટરાદ્વવારા માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તબક્કે દર્દીના પિતા ગોરધન ભાઈ માતા હેમીબેન, પત્ની પ્રિયંકા બેન ભાઈ મહેશભાઈ, પ્રવીણભાઈ અને દર્શન રામાણીને જણાવ્યું કે અત્યારે દર્દી જે પરિસ્થિતિમાં છે જેમાં દર્દીનું મગજ કોઈપણ પ્રકારનું કાર્યરત નથી આ પરિસ્થિતિમાં જો આપણે શરીરના જુદા જુદા અંગોનું ડોનેશન કરી શકીએ તો તે બીજા જરૂરિયાતવાળા દર્દીના આપીએ તો બીજા દર્દીઓને લાભ થાય. દર્દીના સગા દ્વારા સંમતિ આપવામાં આવી હતી. ૫ જુનના રોજ અમદાવાદ થી સીમ્સ હોસ્પિટલ ની ટીમ ફેફસા માટે, યુએન મહેતા ની ટીમ હૃદયના માટે અને IKDRC (કીડની ) હોસ્પિટલ અમદાવાદ ની ટીમ બંને કિડની તથા લીવર લેવા માટે ગોકુલ હોસ્પિટલ વિદ્યાનગર રાજકોટ ખાતે આવેલુ દર્દીની આંખોનું દાન રાજકોટની ડોક્ટર હેમલ કણસાગરાની હોસ્પિટલને કરવામાં આવેલ હતાં.

# ગુડગાંવ ખાતે આયોજિત મિસિસ વર્લ્ડ ઈન્ટરનેશનલ ૨૦૨૪ના ગ્રાન્ડ ફિનાલેમાં રાજકોટના શ્રદ્ધા વડાલીયા વિજેતા બનીને રાજકોટનું નામ રોશન કર્યું

## દેશ વિદેશમાંથી ૧૩૮ થી પણ વધારે ફાઈનલિસ્ટની વચ્ચે રાજકોટની ઉદ્યોગ ગૃહિણીએ મેદાન માર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુડગાંવ ખાતે ગ્રાન્ડ લીલા એમ્બિયન્સ હોટેલ ખાતે યોજાયેલી મિસિસ વર્લ્ડ ઈન્ટરનેશનલ ૨૦૨૪, માં રાજકોટના વિખ્યાત ઔદ્યોગિક જૂથ ઈઈ ઇઘગઉ સિમેન્ટ અને વડાલીયા ફડ્સ પરિવારના શ્રદ્ધા વડાલીયાએ ગ્રાન્ડ ફિનાલેમાં મિસિસ વર્લ્ડ ઈન્ટરનેશનલ ૨૦૨૪માં મિસિસ વર્લ્ડ નો તાજ જીતીને રાજકોટનું નામ રોશન કર્યું છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

દેશના ચુનંદા નિર્ણાયકોની ઉપસ્થિતિમાં શ્રદ્ધા વડાલીયાએ પોતાના જબરદસ્ત આત્મવિશ્વાસ અને મનમોહક લુક તેમજ પર્સનાલીટીથી જજીસના દિલ જીતી લઈને ટોચના સ્પર્ધકો વચ્ચે ફાઇનલમાં વિજેતા બનીને તાજ હાંસલ કર્યો હતો.

ગ્લેમર ગુડગાંવના સ્થાપક, મિસિસ બરખા નાંગિયા દ્વારા આયોજિત, આ પ્રતિષ્ઠિત ઈવેન્ટ પરિણીત મહિલાઓના લાવણ્ય અને ભવ્યતાનું પ્રદર્શન કરે છે, જે વિશ્વભરમાં પરણિત મહિલાઓની વિવિધ સિદ્ધિઓનું સન્માન કરે છે. અહીં મિસિસ બરખા નાંગિયા દ્વારા મહિલાઓની કલ્પનાઓએ સાકાર કરવા માટેનું એક મંચ પ્રદાન કરવામાં આવ્યું હતું.જેમાં દેશની ટોચની ૧૩૮ થી પણ વધારે ફાઇનલ માટે પસંદ થયેલી પરિણીત મહિલાએ પોતાનું હુન્નર રેમ્પ વોક, સેલ્ફ ઇન્ટ્રોડક્શન દ્વારા પ્રદર્શિત કર્યું હતું. ફેશન અને મનોરંજન ઉદ્યોગના ચુનંદા લોકોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ફાઇનલ શો દરમિયાન તમામ સ્પર્ધકોની પ્રભાવશાળી પર્સનાલિટીનો આભાસ પણ કરાવાયો હતો.

આ અંગે આજે રાજકોટમાં યોજાયેલી એક પત્રકાર પરિષદ દરમિયાન વિજેતા બનેલા શ્રદ્ધા વડાલીયાએ જણાવ્યું હતું કે કે આ સ્પર્ધા માટે દિલ્હી-એનસીઆર, મુંબઈ, બેંગ્લોર, કોલકાતા, હૈદરાબાદ, અમદાવાદ, લખનૌ, જયપુર, દુબઈ, લંડન, ન્યુયોર્ક અને મેલબોર્ન સહિત વિશ્વભરના મોટા શહેરોમાં ઓડિશન થયા હતા. પરંતુ અનેક રાઉન્ડ ના અંતે ૧૩૮ ફાઈનલીસ્ટ પસંદ થયા હતા અને તેઓએ શાનદાર રીતે રેમ્પ વોક કરીને પોતાની પર્સનાલિટી, મનમોહન લુક દ્વારા એક બીજા સામે પડકાર ફેંક્યો હતો.

દેશ વિદેશની ટોચની ૧૩૮ ની વચ્ચે ગ્રાન્ડ ફિનાલે માં વિજેતા બન્યા બાદ શ્રદ્ધા વડાલીયાએ પત્રકારોને જણાવ્યું હતું કે આ બહુ ટફ સ્પર્ધા હતા. તમામ ફાઈનાલિસ્ટ ચુનંદા અને અનુભવી પણ હતા અને જજીસને સામે ઓન ધ સ્પોટ જવાબ આપવા તેમજ આત્મવિશ્વાસ સાથે રેમ્પ વોક કરવું સરળ ન હતું. પણ હું કોન્ફિડન્ટ હતી અને જયારે ફાઇનલ વિજેતા તરીકે મારુ નામ એનાઉન્સ થયું ત્યારે મારી ખુશીનો કોઈ પાર ન હતો. મારી સફળતાનો શ્રેય હું મારા પતિ અંકિત વડાલીયાને આપું છું કે જેઓ હર હમેંશ મારી સાથે રહીને મારો આત્મવિશ્વાસ વધારતા રહ્યા હતા. મારા સાસુ સસરા અને સમગ્ર વડાલીયા પરિવારે પણ મને ઘણો સપોર્ટ કર્યો અને તેમના સહકાર વગર આ સ્ટેજ પર પહોંચી શકી ન હોત અને વિજેતા પણ બની શકી ન હોત.

શ્રદ્ધા વડાલીયા કે જેઓ સિસ્કન કેર અને મેક અપ કન્સલ્ટન્ટ, એજ્યુકેટર ક્ષેત્રે પણ અવ્વલ નામ ધરાવે છે અને officialshraddhavadalia નામ થી પોતાનું ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પણ ધરાવે છે. પરિણીત મહિલાઓને મેસેજ આપતા શ્રદ્ધા વડાલીયા જણાવે છે કે કોઈપણ પરિણીત મહિલાઓ માટે ઉંમર માત્ર સંખ્યા છે. મન મક્કમ હશે તો કોઈપણ ફિલ્ડમાં ટોચ પર પહોંચીને અદ્વિતીય સફળતા હાંસલ કરી શકાય છે. આ પ્લેટફોર્મ અમારા ઘણા ફાઇનલિસ્ટ અને વિજેતાઓ માટે લોન્ચપેડ બની રહેશે. જે તેમને મોડલિંગ, અભિનય, થિયેટર, રેમ્પ શો અને કારકિર્દી તરફ આગળ ધપાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે મિસિસ વર્લ્ડ નો ખિતાબ જીતવાની સાથે સાથે આ જ સ્પર્ધામાં શ્રદ્ધા વડાલીયા ને મોસ્ટ બ્યુટીફલ સ્કીન ના એવોર્ડ થી પણ નવાજવામાં આવ્યા હતા.

આ સ્પર્ધા જીત્યા બાદ શ્રધ્ધા વડાલીયા હવે વુમન એમપાવરમેન્ટ માટે ઘણું કાર્ય કરવા ઈચ્છી રહ્યા છે. જયુરીના પ્રતિષ્ઠિત સભ્ય અને પ્રખ્યાત અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રીએ પણ પ્રેરણાદાયી શબ્દો દ્વારા અમારા હોંસલાને વધુ બુલંદ કર્યો હતો અને તમામ સ્પર્ધકોને બિરદાવ્યા હતા. જયારે અન્ય જયુરી સભ્ય, લતા સાબરવાલે કહ્યું, મિસિસ વર્લ્ડ ઈન્ટરનેશનલ ૨૦૨૪ જયુરીનો ભાગ બનવું એ ખરેખર પ્રેરણાદાયી અનુભવ હતો. સહભાગીઓએ પરંપરાગત અપેક્ષાઓને અવગણતા અને સતત વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ માટે લગ્ન એ પાયો બની શકે છે. દરેક સ્પર્ધકની હિંમત અને ભાવના માટે મને ખૂબ જ ગર્વ છે. આ તાજ જીત્યા બાદ શ્રદ્ધા વડાલીયા અને તેમના પરિવારને તેમના મિત્રો સગા સંબંધીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# વંથલીના ધંધુસર ગામે બે બહેનો પર એસિડ એટેક થતા ગંભીર રીતે દાઝી

## પતિ મારકુટ કરતા પરિણીતા માવતરે રીસામણે આવીઃ પતિ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામે બે બહેનો પર નાની બહેનના પતિએ તેના મળતીયાઓ સાથે મળી એસિડ એટેક કરતાં બંને બહેનો ગંભીર રીતે દાઝી હતી.. જેથી બંને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અને આ મામલે પોલીસે ગુનો નોંધી વિકૃત મજગના પતિની શોધખોળ શરૂ કરી છે.





માહિતી મુજબ વંથલીના ધંધુસર ગામે માવતરના ઘરે આવેલી સેજલ અમિતભાઈ મકવાણા (૩૦) રાત્રિના તેની મોટી બહેન હેતલ સંજય સોલંકી (૩૫) સાથે સૂતી હતી. અને તેના માતા- પિતા બીજા રૂમમાં સૂતા હતા તે સમયે સેજલનો પતિ અમિત મકવાણા તેના ચાર મળતીયા સાથે ઘસી આવ્યો હતો. અને પોતાના પાસે રહેલું એસિડ બંને બહેનોના મોઢા પર રેડયું હતું. અને તેઓને મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભાગી ગયો હતો. જ્યારે આ ઘટનામાં બંને બહેનો ગંભીર રીતે દાઝી જતાં બંનેને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યારે આ મામલે બનાવની જાણ પોલીસને થતાં તેઓ હોસ્પિટલે દોડી આવી બંને બહેનોની ફરિયાદ પરથી કાર્યવાહી હાથધરી છે. જ્યારે આ મામલે બંને બહેનોના પિતાએ જણાવ્યું હતું કે અમિત અવારનવાર તેની દીકરી સાથે ઝગડો કરતો અને તેને માર મારતો હતો, જેથી તેની તેમના ઘરે જતી રહેતા અમિતે આ કૃત્ય આચર્યું હતું. હાલ પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# મોરબીના ખોખરાધામ હનુમાનજી પાસે આવેલ એલિક્સ પેપરમીલમાં લાગી વિકરાળ આગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-માળીયા(મી) હાઇવે રોડથી નજીક ખોખરાધામ હનુમાનજી મંદિરની બાજુમાં આવેલ એલિક્સ પેપરમીલમાં કોઈ કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. ત્યારે આગ બુઝાવવા રાજકોટ, હળવદ અને ધ્રાંગધ્રાક્ષફ ફાયર ફાઈટરને બોલાવવા પડ્યા હતા. આગના કારણે પેપરમીલમાં મોટા નુકસાનની ભીતી સેવાઈ રહી છે.

આગ લાગવાની ઘટનાની મળતી માહિતી મુજબ ખોખરાધામ હનુમાનજી મંદિર રોડ ઉપર આવેલ એલિક્સ પેપરમીલમાં ગઈકાલે બપોરના અરસામાં કોઈ કારણોસર આગ લાગવાનો બનાવ બનવા પામ્યો હતો. ત્યારે આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ત્યારે આગ લાગવાના બનાવની મોરબી ફાયર વિભાગમાં જાણ કરતા તાત્કાલિક મોરબી ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. આગ એટલી વધારે લાગી ગયી હતી કે મોરબી ફાયર વિભાગની કુલ ૨ ટીમ સહીત રાજકોટ, હળવદ તથા ધ્રાંગધ્રા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. આગની આ ઘટનામાં પેપરમીલના કાચો માલ તથા તૈયાર માલમાં બહુ મોટા નુકસાનની આશંકા સેવાઈ રહી છે. ત્યારે ક્યાં કારનીસર આગ લાગી તે કારણ હાલ હજુ જણાઈ આવ્યું નથી.


# મોરબી રોડ પર યુવાને આર્થિક ભીંસથી કંટાળી જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર જુના જકાતનાકા સીટી સ્ટેશન પાસે યુવકે આર્થિકભીંસથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે રહેતા અને પંજાબ નેશનલ બેંકમાં લોન વિભાગમાં નોકરી કરતા ભાવિનભાઈ મનસુખભાઈ ગઢીયા નામના ૩૬ વર્ષીય યુવકે જુના જકાતનાકા પાસે ઝેરી પાવડર પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવતા અહીં તેનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું, આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરુ અને ધર્મેન્દ્રભાઈ હુદડે બી ડિવિઝન પોલીસને કરતાં હેડ. કોન્સ એચ.જે. જોગડા સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો. અને તપાસમાં યુવકની પત્ની પ્રીયાબહેનના જણાવ્યા મુજબ તેને સંતાનમાં બે દીકરી છે અને હાલ પોતે ગર્ભવતી છે, છેલ્લા કેટલાક સમયથી પતિ આર્થિક સંકડામણ અનુભવી રહ્યા હતા. જેથી કંટાળી તેને આ પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.

## શ્રધ્ધાંજલિ



સ્વ. શાંતાબેન રામજીભાઈ વાણિયા

સમય જિંદગીનો ઓછો હશે કયાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ કયાં ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

**મકરંદભાઈ રામજીભાઈ વાણિયા**
**યોગેન્દ્રભાઈ રામજીભાઈ વાણિયા**
**આનંદભાઈ રામજીભાઈ વાણિયા**

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટ્રકમાં કતલખાને લઈ જવાતા અબોલ પશુઓને કૃપા ફાઉન્ડેશનની ટીમે બચાવ્યા

## ટ્રકમાં ભેંસોને દ્વારકાથી સુરત લઈ જતી વેળાએ ગૌ સેવકોએ ઓપરેશન પાર પાડ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી છેલ્લા ઘણા સમયથી દૂધાળા પશુને કતલખાને ધકેલી દેવાનું કારસ્તાન ચાલી રહ્યું છે. જો કે ગૌસેવકોની જાગૃતતાને કારણે આ કૌભાંડ સફળ થઈ રહ્યું નથી. આવું જ મૂંગા પશુને કતલખાને મોકલવાનું કાવતરું કૃપા ફાઉન્ડેશનના જાગૃત કાર્યકરોએ અટકાવ્યું છે. દ્વારકાથી ટ્રકમાં ક્રૂરતાપૂર્વક કતલખાને મોકલાઈ રહેલી ૯ ભેંસને બચાવી પાંજરાપોળ ખાતે સુરક્ષિત પહોંચાડાઈ હતી. આ અંગે કૃપા ફાઉન્ડેશનના પ્રમુખ જયેન્દ્ર અનિલભાઈ ચંદવાણીયાએ કૂવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે કૃપા ફાઉન્ડેશન અને હિન્દુ સેનાને બાતમી મળી હતી કે ટ્રક નં.જીજે-૧૧-ડબલ્યુ-૪૩૬૬માં કોઈ પ્રકારની પરવાનગી વગર જામનગરથી પશુ ભરીને



સુરત તરફ જઈ રહ્યા છે. આ ટ્રક રાજકોટ થઈને પસાર થવાનો હોવાનું ધ્યાન પર આવતાં જ વિનુભાઈ ધીયાડ, મયુર દેસાઈ, સંજય રાબડીયા, દીપક ગીડા, સંજય પટેલ, કાનાભાઈ ચાવડીયા, જૈન અગ્રણી અને જીવદયાપ્રેમી કેતનભાઈ સંઘવી, રાજુ જોગરાણા, આશિષ પટેલ સહિતના ગૌરક્ષકોએ રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર માલિયાસણ ચોકડી નજીક વહેલી સવારે છ વાગ્યે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ત્યાંથી ટ્રક પસાર થતાં તેને અટકાવી પૂછતાં તેણે પોતાનું નામ કરશન કેશુભાઈ ગોજીયા (રહે.ભાણવડ) કહ્યું હતું.

આ ભેંસ તે લાલપુરના વિજયપુર ગામેથી જેસા આહિર પાસેથી લઈ આવ્યો હોવાનું જણાવ્યું હતું. ગૌસેવકોએ તેની પાસે આ રીતે ભેંસ લઈ જવાની પરવાનગી માંગતા ન્હોતી સાથે સાથે ટ્રકમાં એકદમ ક્રૂરતાપૂર્વક ભેંસ ભરેલું ધ્યાન પર આવતાં આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે કરશન ગોજીયાની ધરપકડ કરી ટ્રક સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વૃંદાવન સોસાયટી રોડ પર યુવતીએ જાહેરમાં સ્કુટર સળગાવી હંગામો મચાવ્યો

## નશામાં ધુત બની યુવતીએ અકસ્માત સર્જયા બાદ નુકસાનીના રૂપિયા માંગી તમાશો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વૃંદાવન સોસાયટી રોડ ઉપર અકસ્માત સર્જાયા બાદ ભોગ બનનાર યુવતીએ અકસ્માત સર્જનાર યુવતી પાસે નુકશાનીના પૈસા માંગતા તેણે દાતરડા સાથે આતંક મચાવ્યો હતો આ યુવતી નશામાં ધૂત હોય તેણે પોતાની જાતે જ પોતાનું એકટીવા જાહેરમાં સળગાવી ડાન્સ કરતી હોય તેવો વિડીયો વાયરલ થયો હતો આ સરાજાહેર તમાસો નિહાળવા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ ઉપર વૃંદાવન સોસાયટી રોડ ઉપર આવેલ વામ્બે આવાસ યોજના કક્વાટર તરફ બપોરે એક અકસ્માત સર્જાયો હતો જેમાં એકટીવા ચાલક યુવતીએ અન્ય યુવતીએ સાથે પોતાનું વાહન અથડાવતા



તેના વાહનમાં નુકશાન થયું હતું જેથી અકસ્માત સર્જનાર યુવતી પાસે નુકશાનીનો ખર્ચ માંગતા તે ઉશ્કેરાઈ ગઈ હતી અને ભોગ બનનાર યુવતિને દાતરડા જેવું હથિયાર દેખાડી રીતસરનો આતંક મચાવ્યો હતો અકસ્માત થતા અને જાહેરમાં હથિયાર કાઢતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા અકસ્માત સર્જનાર યુવતી નશાની હાલતમાં હોય તેવું લાગ્યું હતું જે ટોળાને જોઈ વધુ ઉશ્કેરાઈ હતી અને પોતાના જ એકટીવાને ધક્કો મારી પછાડી દીધું હતું અને પેટ્રોલની ટાંકી ખોલીને તેમાંથી પેટ્રોલ બહાર કાઢ્યું હતું બાદમાં અહીંથી પસાર થયેલી બે રીક્ષા અટકાવી રીક્ષાચાલક પાસેથી માચીસ માંગી દીવાસળી સળગાવી પોતાના જ એકટીવાને આગ લગાડી દીધી હતી આટલેથી તમાશો અટકયો ન હોય તેમ સળગતા એકટીવા ફરતે યુવતી ડાન્સ કરવા લાગી હતી અને બાદમાં આજુબાજુમાંથી કપડા, કાગળ સહિતનો કચરો પણ સળગતા એકટીવા ઉપર નાખ્યો હતો નશામાં ધૂત થઇ જાહેરમાં ધમાલ મચાવનાર આ યુવતીનો તમાસો નિહાળવા લોકો ઉમટી પડયા હતા ધમાલનો આ વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

# રાજકોટના આંબેડકરનગરમાં ડમ ડમ હાલતમાં રૂરલનો પોલીસમેન ઝડપાયો

## રહેણાંક વિસ્તારમાં બેફામ કાર ચલાવી નીકળતા લોકોએ અટકાવી પીસીઆર બોલાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મવડી હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા પોલીસ કર્મી દ્વારા આબેડકરનગરમાં બેફામ કર ચલવતા લોકએ તેને ઊભો રાખીને પી.સી. આર વાન બોલાવી પોલીસ હવાલે કર્યો હતો. માલવિયાનગર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે માલવીયાનગર પોલીસ મથકના કોન્સ્ટેબલ નાગજી ભરવાડે ફરીયાદ નોંધાવી હતી કે, તેઓ ગઈકાલે પીસીઆર વાનમાં ઈન્ચાર્જ તરીકે હતા ત્યારે તેમને કોલ મળેલ કે આંબેડકરનગર-પમાં એક કાર ચાલક રાહદારી સાથે ઝઘડો કરે છે. જેથી તેઓ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને ફોન કરનાર વિનોદ રાઠોડે જણાવેલ કે એક કાર ચાલક ગફલતભરી રીતે કાર ચલાવતો હોય જેથી તેને અટકાવ્યો હતો. બાદમાં તપાસ કરતા કાર નં. જીજે- ૧ આરએન ૯૬૬૪નો કાર ચાલક નશાની હાલતમાં હોવાનું અને પોતે પોલીસમાં નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું.

નાશમાં ધૂત શખ્સને પીસીઆરમાં બેસાડી પોલીસ મથકે લઈ જઈ તેનું નામ પૂછતા જગદીશ મેણંદ ઘુઘલ (ઉ.૫૦) (રહે. મવડી પોલીસ હેડ કવાર્ટર) હોવાનું જણાવ્યું હતું. તેમજ તેમના મોઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હોવાથી કારમાં તપાસ કરતા દારૂની ખાલી બોટલ પણ મળી આવી હતી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે ઘટનાથી ગુજરાતમાં દારૂબંધી છે ? પોલીસ જવાન જ દારુ પી ધમાલ મચાવશે તો પિધાલાને કોણ પકડશે આવી લોકમુખે ચર્ચા થઈ રહી છે.

# લેન્ડ ગ્રેબીંગના કાયદાને લીલી ઝંડી મળ્યા બાદ વધુ આઠના આગોતરા જામીન રદ

## સરકારી, ખાનગી, તેમજ ખેતીની જમીનો ઉપરના દબાણકરોને રાહત ન આપતી ખાસ અદાલત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાઇકોર્ટ દ્વારા લેન્ડ ગ્રેબીંગ કાયદાને બંધારણીય માન્યતા આપ્યા બાદ રાજકોટ શહેર તેમજ જિલ્લાના વધુ ૮ દબાણકારોએ કરેલી આગોતરા જામીન અરજી ખાસ અદાલતે રદ કરી હતી.

આ કેસની હકિકત મુજબ, આરોપી ભરત કરાવદરા ફરિયાદીની ખેતીની જમીન પર ૧૪ વર્ષથી કબ્જો જમાવી દીધેલ હતો. આરોપી બાવા વાછા બાંભવા અને મિલન ઈશ્વર મુંધવાએ મવડી ગામની ફરીયાદીની ૪૦૦ ચો. વા. જમીનો ઉપર વર્ષોથી કબ્જો જમાવી તેના ઉપર કાચા મકાનો બનાવી દીધેલ હતા.આરોપી દિલીપ મસરાણીએ કોઠારીયા ગામની યુ.એલ. સી.ની સરકારી જમીનો ઉપર બાંધવામાં આવેલ કારખાનાઓ માંથી એક કારખાનું ખરીદી તેને ગેરકાનુની રીતે વેંચી નાખી મોટી અવેજની રકમ મેળવી લઈ લેન્ડ ગ્રેબીંગ એકટના ગુનામાં ગેરકાનુની નફાની કોઈ રકમ રીકવર થવા દીધેલ ન હતી. આરોપી પરબત હુંબલ હુંબલ અને કાથડ સેગલીયાએ ફરીયાદીની બીનખેતીની વિશાળ જમીનો ઉપર ગેરકાનુની રીતે કબ્જો જમાવી વર્ષ-૨૦૧૪ માં સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરેલ હતો. તેમજ પંચનામું કરતી વખતે ટોળાને એકઠા કરી માલિકને પંચનામા વખતે હાજર રહેતા અટકાવવામાં આવેલ હતા.

આરોપીઓ દ્વારા ત્યારબાદ આ દાવાની કોઈપણ પ્રકારે પ્રગતિ કર્યા વિના પોતાનો ગેરકાનુની કબ્જો જમાવી રાખતા લેન્ડ ગ્રેબી ગ એક્ટ હેઠળ ફરીયાદ નોંધાયેલ હતી. તમામ અરજીઓની સુનાવણી વખતે આરોપીઓ વતી રજુઆતો કરવામાં આવેલ હતી કે, તેઓએ પોતાના કબ્જા અંગે સિવીલ દાવો વર્ષો , પ્રવિણ પહેલા દાખલ કરેલ છે તેથી આ પ્રકારની સિવીલ તકરારોનો નિર્ણય ન આવે ત્યાં સુધી તેઓ ઘુસણખોર છે તેમ કહી શકાય નહી અને તેથી તેઓના જામીન મંજુર કરવામાં આવે.

એસ.કે.વોરા સરકાર તરફે સ્પે.પી.પી. એસ.કે.વોરાએ રજુઆત કરી હતી.કે, લેન્ડ ગ્રેબિંગનો કાયદો અમલમાં ન હતો ત્યારે ભુમાફીયાઓ સૌ પ્રથમ કોઈની જમીન ઉપર પેશકદમી કરીને બીજા દિવસે સીવીલ કોર્ટમાં દાવા દાખલ કરી દેતા હતા. આ પરિસ્થિતિનો તેઓ વર્ષો સુધી લાભ લેતા હતા. વર્ષ ૨૦૨૦ માં લેન્ડ ગ્રેબીંગ એક્ટ આવ્યા બાદ કાયદાની જોગવાઈ મુજબ જે જમીનો અંગે માલિક અને ઘુસણખોર વચ્ચે દાવો પેન્ડીંગ હોય તેવા તમામ દાવા આગળ ચલાવવા માટે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળની ખાસ અદાલતને વિશેષ સતાઓ આપવામાં આવેલ છે.

આવા દાવાના ખાસ અદાલતમાં જ નિકાલ કરવાના રહે છે. જેથી જમીન અંગે સિવિલ દાવો પેન્ડિંગ હોવાનો બચાવો આરોપી પાસે રહેતો નથી. સરકારી વકીલની દલીલો અને રજૂઆતોને ધ્યાને લઈને જજ જે.ડી.સુથારે આરોપી રમેશ ભૂવા, ભરત કરાવદરા, બાવા વાછા બાંભવા, મિલન ઈશ્વર મુંધવા, દિલીપ મસરાણી, પરબ હુંબલ, પ્રવીણ હુંબલ, કાથડ સેગલીયાએ કરેલી આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં સરકાર તરફે સ્પે.પી.પી. એસ.કે.વોરા રોકાયેલા હતા.

# ફાયર એનઓસી ન હોવા છતાં ક્રિષ્ના વોટર પાર્ક એક સપ્તાહથી ચાલુ

## ગ્રાહકોને એક કલાક વહેલા બહાર કાઢતા મામલો બીચકયો: મનપાના અધિકારીઓ સીલ કરવા દોડી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કૂવાડવા-અમદાવાદ હાઈ-વે પર આવેલા ક્રિષ્ના વોટર પાર્ક પાસે ફાયર એનઓસી ન હોવાને કારણે એક સપ્તાહ પહેલાં મતલબ કે ગત મંગળવારે ક્રાઈમ બ્રાન્ચે તેની સામે ગુનો નોંધ્યો હતો. ગુનો નોંધાયા બાદ પણ વોટર પાર્ક ધમધમતો હોવાનું ધ્યાન પર આવતાં જ મહાપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ સીલ મારવા માટે સ્થળ પર પહોંચતાં ત્યાં ન્હાવા આવેલા લોકોએ હોબાળો મચાવી દીધો હતો.





ક્રિષ્ના વોટર પાર્ક પાસે ફાયર એનઓસી ન હોવાને કારણે મનપા દ્વારા સીલિંગની કાર્યવાહી સાંજે છ વાગ્યે શરૂ કરવામાં આવી હતી. જ્યારે પાર્ક બંધ થવાનો સમય સાંજે ૭ વાગ્યાનો છે પરંતુ ન્હાવા આવેલા લોકોને છ વાગ્યે જ બહાર આવવાનું કહેવાતાં મામલો બીચક્યો હતો અને મોટી સંખ્યામાં આવેલા લોકોએ પાર્કના સંચાલકો પાસેથી ટિકિટના પૈસા પરત માંગવાનું શરૂ કરીને દેકારો બોલાવ્યો હતો.

લોકોનું કહેવું હતું કે પાર્કના સંચાલકો દ્વારા ટિકિટના પૂરા પૈસા વસૂલવામાં આવ્યા હોવા છતાં એક કલાક વહેલા બહાર શા માટે કાઢવામાં આવી રહ્યા છે ? બીજી બાજુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુનો નોંધ્યા બાદ પણ પાર્ક ચાલું રહેતાં સ્થાનિક કૂવાડવા પોલીસની કામગીરી સામે સવાલ ઉભા થઈ રહ્યા છે.

આ અંગે કૂવાડવા પોલીસ મથકના પીઆઈ વી.આર.રાઠોડનો સંપર્ક સાધવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે વોટર પાર્ક જ્યારે ગુનો દાખલ થયો ત્યારે સંચાલકોએ એવું દર્શાવ્યું હતું કે તેની પાસે એવું કોઈ જ યંત્ર નથી કે જે ઈલેક્ટ્રિક સાથે જોડાયેલી હોય. આ અંગેના કાગળ પણ રજૂ કર્યા હતા તેના આધારે તેને પાર્ક ખુલ્લો રાખવાની મંજૂરી અપાઈ હોય તેવું બની શકે છે પરંતુ ફાયર એનઓસી ન હોવાને કારણે આજે મનપાની ટીમ સીલ મારવા માટે ત્યાં પહોંચી છે.

# સિવિલ હોસ્પિટલના એડમિનિસ્ટ્રેશન બિલ્ડીંગમાં જ ફાયર એનઓસી નથી

## સૌરાષ્ટની સૌથી મોટી રાજકોટ સિવિલના અન્ય વિભાગોમાં ફાયર એનઓસી હોવાનો દાવો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

TRP ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ મનપા દ્વારા ફાયર NOCનાં અભાવે ધડાધડ અનેક એકમો સીલ કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ અમુક સરકારી બિલ્ડિંગોમાં કાયર ગઘઈ ન હોવાની હકિકતો સામે આવી રહી છે. ત્યારે સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સિવિલ અધિક્ષક જ્યાં બેસે છે તે એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગનું જ ફાયર NOC ન હોવાનું સામે આવ્યું છે.

જો કે, સિવિલ અધિક્ષક દ્વારા આ બિલ્ડિંગનાં ફાયર NOC માટે એપ્લાય કર્યું હોવાનું કહી ટૂંક સમયમાં મળી જવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે જ દર્દીઓ માટેના બધા બિલ્ડિંગનાં ફાયર ગઘઈ હોવાનો દાવો કર્યો હતો.

સિવિલ અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સિવિલ નાના હોસ્પિટલમાં ટ્રોમાં અને ઝનાના સેન્ટર, ઇમર્જન્સી, ચિલ્ડ્રન સહિતના વિવિધ તમામ બિલ્ડિંગના ફાયર ગવઈ છે. છેલ્લું હાયર NOC આવતા મહિને એટલે કે





જુલાઈ-૨૦૨૪માં પૂરું થાય છે. જેને રિન્યૂ કરવાની કાર્યવાહી પણ અત્યારથી કરવામાં આવી રહી છે. હાલમાં હોસ્પિટલનું એકપણ બિલ્ડિંગ ફાયર NOC વિનાનું નથી. રાજકોટમાં ૨૫ જુલાઈને શનિવારે જે હૃદયદ્રાવક ઘટના બની ત્યારબાદ આરોગ્ય વિભાગમાંથી મળેલી સૂચના મુજબ હોસ્પિટલનું તંત્ર વધુ સતર્ક બન્યું છે. આ મુજબ બે વાર મ્યુનિ. કમિશનર દ્વારા અધિક નિયામકની સૂચના મુજબ વીસી પણ કરવામાં આવી ચુકી છે. જેમાં ફાયર માટેની ખાસ કમિટી બનાવવામાં આવી છે. અને PIU ઈલેક્ટ્રિકને ખાસ સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત તમામ પ્રકારનું વાયરિંગ ચેક કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

હોસ્પિટલમાં અઈ સતત ચાલુ ન રાખવા આદેશ કરવામાં આવ્યો છે. દરેક અઈને દર બે કલાકે થોડો સમય બંધ રાખવામાં આવી રહ્યા છે. તેમજ લૂઝ વાયરિંગ ન રહે તેનો ખાસ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. PIU સિવિલ, IU ઈલેક્ટ્રિકની ટીમોની સાથે ફાયર વિભાગના નોડલ ઓફિસર સહિતના દ્વારા પણ મિટિંગ યોજવામાં આવી રહી છે અને હોસ્પિટલ તંત્ર સંપૂર્ણપણે સજજ છે. એક એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગમાં ફાયર ગઘઈની પ્રોસેસ હાલ ચાલુ છે. આ હોસ્પિટલ બિલ્ડિંગ નથી. છતાં ફાયર NOC જરૂરી હોવાને કારણે શુક્રવારે આ માટેની જરૂરી કાર્યવાહી હાલ કરવામાં આવી છે. આ બિલ્ડિંગમાં કાયર ગઘઈ માટેના જરૂરી સાધનો ખૂબ ઝડપથી વસાવી લેવામાં આવશે અને ટૂંક સમયમાં આ બિલ્ડિંગનું ફાયર ગઘઈ મેળવી લેવામાં આવશે.

# માલધારી ફાટક પાસે ટ્રેનની ઠોકરે ચડી જતા અજાણ્યા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલધારી ફાટક પાસે કાનમાં હેન્ડ્સ ફ્રી લગાવી મ્યુઝિક સાંભળતા-સાંભળતા ટ્રેનના પાટા ઓળંગતા યુવકને ટ્રેને ઠોકર મારતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ અહી તેનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. જયારે આ મામલે પોલીસે તેના મૃતદેહને પીએમ માટે ખસેડી વાલીવારસની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી પ્રમાણે શહેરમાં રિદ્ધિ સિદ્ધિના નાલા પાસે માલધારી ફાટક નજીક રેલવે ટ્રેક પર ટ્રેનની હડફેટે ચડી જતા અજાણ્યો યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. જેની જાણ કરવામાં આવતા ૧૦૮નો સ્ટાફ દોડી આવ્યો હતો. અને તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. અહીં તેનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું.

આ મામલે બનાવની જાણ થતા ભક્તિનગર પોલીસ મથકના સ્ટાફને કરતાં તેઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા. અને તેના મૃતદેહને પીએમ માટે ખસેડયો હતો. આ મામલે પોલીસની પ્રાથમિક તપાસમાં યુવાન રાત્રિના સમયે હેન્ડ્સ ફ્રી લગાવી પાટા ઓળંગી રહ્યો હોય દરમિયાન ટ્રેન આવતી હોવાનું તેને ધ્યાન નુ રહેતા તેને ટ્રેને ઠોકરે ચડાવ્યો હતો.હાલ પોલીસે આ અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા તેના વાલીવારસની શોધખોળ શરૂ કરી છે.

# બ્લેક ફિલ્મ અને ટ્રાફિક નિયમ ભંગ બદલ ૧૬૮ વાહન ચાલકો દંડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચૂંટણી પૂર્ણ થતાંની સાથે શહેરની ટ્રાફિક પોલીસ મેદાને આવી છે. અને વિવિધ વિસ્તારો અને માર્ગો પર વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.જેમાં બ્લેક ફિલ્મ સહિતના નિયમો ભંગ કરનાર વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો છે.રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેસ ઝાના આદેશ હેઠળ ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ અને ટ્રાફિક પોલીસની ટીમો દ્વારા વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.રાજકોટ શહેર ટ્રાફિક પોલીસની અલગ અલગ ટીમો એક્શન મોડમાં કામગીરી કરી રહી છે.જેમાં ટ્રાફિક પોલીસ દ્વારા બેડી ચોકડી પાસે ચેકિગ હાથધરી બ્લેક ફિલ્મ સહિતના કુલ ૧૬૮ કિમત ના કેશો કરી ૬૧,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો.ઉપરાંત આગામી સમયમાં પણ વાહન ચેકીંગ ઝુંબેશ તેજ કરવામાં આવવાનું જાણવા મળ્યું છે.



# બામણબોર ગામની સીમમાં વીજપોલ પર લટકતી અજાણ્યા યુવાનનું લાશ મળી

## એરપોર્ટ પોલીસે લાશને પીએમ રૂમ પર ખસેડી મૃતકના વાલીવારસની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ- અમદાવાદ હાઇવે પર આવેલા બામણબોરના સીમ વિસ્તારમાં ૬૬ કેવીને હાઈટેન્શન વીજ લાઈનમાં એક પ્રૌઢની લટકેલી હાલતમાં લાશ મળી આવતા ફાયર બ્રીગ્રેડ અને પોલીસે મોડી રાત્રે દોઢ કિમી ચાલીને ઘટનાસ્થળ પર પહોંચી મૃતદેહ ઉતારી તેનું ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ શરૂ કરી છે. આ ઘટનાને પગલે પોલીસે જણાવ્યું હતું કે, મૃતદેહ ત્રણેક દિવસથી લટકતો હોવાની શંકા છે તેમજ કોહવાઈ જતા હાલ તેની ઓળખ મેળવવા મેળવવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

બનાવની વિગતો અનુસાર બામણબોર સીમમાં ગઇકાલે મોડીરાત્રે ૬૬ કેવીની હાઈટેન્શન વીજ લાઇનમાં એક પુરૂષ લટકતો હોવાની જાણ થતા ફાયર



બ્રિગેડ અને એરપોર્ટ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી તેમજ ઘટના સ્થળ પર લગભગ દોઢેક કીમી ચાલીને પહોંચી અને ૧૫ ફૂટ ઉંચેથી મહા મહેનતે મૃતદેહ ઉતાર્યો હતો. તેમજ મૃતદેહ કોહવાયેલી હાલતમાં હોઈ જેથી તેમને સિવિલ હોસ્પીટલે લઈ જઈ ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાયું છે. આ ઘટના આપઘાતની છે કે અન્ય કાંઈ? એ અંગે હવે તપાસ શરૂ કરવામાં આવી રહી છે. આ બનાવ ત્રણેક દિવસ પહેલાનો હોવાનું પીએસઆઇ ગોસ્વામીએ જણાવ્યું હતું. મૃતકની ઓળખ મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે.

# આયુર્વેદિક સીરપની આડમાં નશાયુક્ત પીણા વેંચવાના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.સી.સાકરીયા સહિતનો સ્ટાફનો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે નવી કલેક્ટર કચેરી સામે ગણેશ પાન નામની દુકાન પાસે ઉભેલા પ્રણવ મયુર શાહ (રહે.સાંઈધામ શેરી નં.૬ ગોકુલધામ પાછળ)ને અટકાયતમાં લઈ તેનો ગુનાહિત ઈતિહાસ ચેક કરતા આ



શખ્સ આયુર્વેદિક સીરપની આડમાં નશાયુક્ત પીણાના જથ્થાના મોરબી જિલ્લાના હળવદ પોલીસ સ્ટેશનના ગુનાના અને ગોંડલ સીટી બી.ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતો ફરતો હોય ક્રાઈમ બ્રાંચની ટીમે તેને અટકાયતમાં લઈ હળવદ અને ગોંડલ પોલીસને કબજો સોંપવા તજવીજ હાથ ધરી છે.